પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૦૪ | ૧૪ જાન્યુઆરી, ૨૦૧૯, સોમવાર; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આજથી પ્રયાગરાજમાં કુંભ મેળાનો પ્રારંભ

પ્રયાગરાજ,તા.૧૩

આવતીકાલથી પ્રયાગરાજ(અલ્હાબાદ જુનુ નામ)માં કુંભ મેળાની શરુઆત થઈ રહી છે.પહેલા દિવસે શાહી સ્નાન પણ થશે.જેનુ સાધુ સંતોમાં બહુ મહત્વ હોય છે.

એવુ કહેવાય છે કે આ સ્નાન કરવાથી સીધા સ્વર્ગના દરવાજા ખુલી જાય છે.સ્નાનના નિયત સમયે તમામ અખાડાઓના સાધુ સંતો સંગમ પર શાહી સ્નાન કરશે.આ માટે કયો અખાડો ક્યાં અને ક્યારે સ્નાન કરશે તે જગ્યા પણ નક્કી કરી દેવાય છે.નહીતર શાહી સ્નાન માટે અખાડાઓના સાધુઓ એક બીજાનુ લોહી વહાવતા પણ અચકાતા નથી.

આ પરંપરા સદીઓથી ચાલી આવે છે.જેમાં ૧૩ અખાડા સામેલ થાય છે.આ કોઈ વૈદિક પંરપરા નથી પણ એવુ મનાય છે કે ૧૪ મીથી ૧૬મી સદીની વચ્ચે દેશ પર મુગલ આક્રમણોની શરુઆત થઈ ત્યારે હિન્દુ શાસકોએ નાગા સાધુઓની મદદ લીધી હતી.

એ પછી સાધુઓની આક્રમકતા વધવા માંડી ત્યારે શાસકોએ તેમના પ્રતિનિધિઓને બોલાવીને કામની વહેંચણી કરી હતી.સાધુઓ પોતાને વિશેષ સમજે







● અનુસંધાન પાના - ૭ પર

ગાંધીનગર સમાચાર

**અંક બંધ**

આજે ઉત્તરાયણ પર્વ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૧૯ને સોમવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૫-૧-૨૦૧૯ને મંગળવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી. - વ્યવસ્થાપક

# આજથી રાજ્યમાં ૧૦ ટકા અનામત અમલી

**મોદી સરકારના નિર્ણયને અમલી કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય : રાષ્ટ્રપતિની બહાલી મળ્યાના એક દિવસ બાદ જ ગુજરાત સરકારે સરકારી નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામતને તરત જ અમલી કરવાનો નિર્ણય**

ગાંધીનગર, તા. ૧૩

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ જનરલ કેટેગરીમાં આર્થિકરીતે નબળા વર્ગને સરકારી નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાની બંધારણીય જોગવાઈને લીલીઝંડી આપી દીધાના એક દિવસ બાદ જ ગુજરાત સરકારે ૧૦ ટકા અનામતને અમલી કરવાનો નિર્ણય કર્યો છે. આની સાથે જ દેશમાં મોદી સરકારના નિર્ણયને અમલી કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે. હાલમાં જ યોજાયેલી લોકરક્ષક દળની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને આમા આવરી લેવાશે કે કેમ તેને લઈને હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી પરંતુ ૧૦ટકા અનામતનો લાભ આર્થિકરીતે નબળા વર્ગના લોકોને આપવામાં આવશે. ઉત્તરાયણના એક દિવસ પહેલા જ ગુજરાત સરકારે મોટી ભેંટ સવર્ણના આર્થિકરીતે નબળા વર્ગને આપી દીધી છે. રાષ્ટ્રપતિએ બિલને મંજુરી આપીને કાનૂન બનાવી દીધાના એક દિવસ બાદ ગુજરાત સરકારે આને અમલી બનાવવાની જાહેરાત કરી દીધી છે. આ સંદર્ભમાં વધુ સ્પષ્ટતા એક બે દિવસમાં જ કરવામાં આવે તેવી શકયતા છે. કેન્દ્રના ૧૦ ટકા આર્થિક અનામતનો અમલ ગુજરાતમાં તાત્કાલિક ધોરણે કરવામાં આવી રહ્યો છે. આવતીકાલથી આને અમલી

● અનુસંધાન પાના - ૭ પર

## સિક્કિમ સરકાર દરેક પરિવારના એક સભ્યને નોકરી આપશે

ગંગટોક,તા.૧૩

સિક્કિમના મુખ્યમંત્રી પવનકુમાર ચામલિંગે 'એક પરિવાર, એક નોકરી' યોજનાનો પ્રારંભ કરાવ્યો છે. આ અંતર્ગત રાજ્યના પ્રત્યેક પરિવારના એવા એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવશે, જેમનું કોઈ સભ્ય સરકારી નોકરીમાં ન હોય

## ભારતમાં દુનિયાનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ ૪૫000 કરોડના ખર્ચે લેહમાં સ્થપાશે

ન્યુ દિલ્હી,તા.૧૩

પોતાના કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત લદ્દાખ હવે ટૂંક સમયમાં જ એક નવા કારણના લીધે ઓળખાશે. અહીં દુનિયાનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ બનાવાની તૈયારી છે. મળતી માહિતી પ્રમાણે દક્ષિણ કારગિલથી લગભગ ૨૦૦ કિલોમીટરના અંતરે આવેલા આ પ્લાન્ટમાંથી વીજળી ઉત્પાદનની સાથે એક વર્ષમાં અંદાજે ૧૨,૭૫૦ ટન કાર્બન ઉત્સર્જનને રોકવા, ડીઝલ પર નિર્ભરતા ખત્મ કરવા અને આસપાસના વિસ્તારોને રોજગારી ઉપલબ્ધ કરાવામાં મદદ મળશે.

નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયના આધીન સંસ્થા જીઈકૈં (સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સને પ્રમોટ કરી રહ્યું છે. કહેવાય છે કે લદ્દાખમાં ૫000 મેગાવોટના યુનિટ અને કારગિલ માટે ૨૫00 મેગાવોટના યુનિટ ૨૦૨૩ સુધીમાં તૈયાર થઈ જશે.

# ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડશે : ગુલામ નબી આઝાદ

**યુપીમાં મહાગઠબંધન બાદ કોંગ્રેસે જાહેરાત કરી : દેશમાં મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છે : પાર્ટીએ તૈયારીઓ શરૂ કરી : ગુલામ નબી આઝાદ દ્વારા જાહેરાત**

લખનૌ, તા. ૧૩

વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશમાં થયેલા મહાગઠબંધન બાદ કોંગ્રેસે આજે મોટુ નિવેદન કર્યું હતું. પાર્ટીના મહાસચિવ અને ઉત્તરપ્રદેશના પ્રભારી ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ઉત્તરપ્રદેશમાં તમામ ૮૦ સીટો ઉપર પૂર્ણ તાકાત સાથે ચૂંટણી લડશે. આઝાદે કહ્યું હતુ કે, દેશમાં યોજાનાર ચૂંટણીના મુખ્ય ટક્કર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે થનાર છે. આના માટે પાર્ટીએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોંગ્રેસ ઉત્તરપ્રદેશમાં ગઠબંધનનો હિસ્સો બનશે તેમ અગાઉ માનવામાં આવી રહ્યું હતું પરંતુ હવે સપા અને બસપા દ્વારા ગઠબંધનની જાહેરાત કરવામાં આવ્યા બાદ અટકળોનો અંત આવ્યો છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાર્ટીએ હવે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે.



આજે રવિવારના દિવસે કોંગ્રેસના મહાસચિવ અને યુપીના પ્રભારી ગુલામ નબીએ કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી એકલા હાથે લોકસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે.

બીજી બાજુ મહાગઠબંધનની જાહેરાત બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય લોકદળની સાથે સમજૂતિ નહીં થતાં હવે આરએલડીએ પણ કોંગ્રેસ સાથે ચૂંટણી લડવાની તૈયારી કરી છે. જો કે, કોંગ્રેસે તમામ સીટો ઉપર એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય કરતા આરએલડીની મુશ્કેલી પણ વધી ગઈ છે. આરએલડી હવે લોકસભાની ચૂંટણીમાં કોની સાથે લડશે તેને લઈને ટૂંકમાં જ નિર્ણય લેવામાં આવશે. એકબાજુ કોંગ્રેસે એકલા હાથે ચૂંટણી લડવાનો અને બસપ અને સપાએ આરએલડીને માત્ર બે બેઠકો આપવાનો નિર્ણય કરતા અજીતસિંહની મુશ્કેલીમાં ચિંતાજનકરીતે વધારો થયો છે. લોકસભા ચૂંટણીમાં નવા નવા સમીકરણો રચાઈ ગયા છે. આવી સ્થિતિમાં ઉત્તરપ્રદેશમાં ચૂંટણી વધુ રોમાંચક બની ગઈ છે. છેલ્લી ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં યુપીની ૮૦ સીટો પૈકી ૭૩ સીટો એનડીએ ગઠબંધને જીતી હતી. સપાને પાંચ અને કોંગ્રેસને બે સીટો મળી હતી.

## પાક.પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની જેલમાં યોગ્ય સારવાર ન મળતા તબિયત લથડી

ઈસ્લામાબાદ,તા.૧૩

પાકિસ્તાનની જેલમાં બંધ અને પૂર્વ પીએમ નવાઝ શરીફની તબિયત લથડી છે. નવાઝ શરીફની પુત્રીનો આરોપ છે કે, જેલમાં નવાઝ શરીફને પુરતી સારવાર આપવામાં આવતી નથી. હદય રોગના કારણે નવાઝ શરીફ તેમના અંગોમાં દુખાવો થયો છે. મરિયમ શરીફે ટ્વિટ કરીને જણાવ્યુ હતુ કે, જેલના વહીવટી તંત્ર દ્વારા નવાઝ શરીફની સારવાર માટે મંજૂરી આપવામાં આવી નથી.

નવાઝ શરીફને રાવલપિંડીની જેલમાંથી લાહોરની કોટ લથપત જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. નવાઝ શરીફ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવવામાં આવ્યો છે. કોર્ટે નવાઝ શરીફને દોષિત જાહેર કરતા તેઓ જેલમાં સજા ભોગવી રહ્યા છે. ત્યારે નવાઝ શરીફના ભાઈ શાહબાઝે પાકિસ્તાન



સરકારને ચેતાવણી આપી છે કે નવાઝ શરીફને કઈપણ થશે તો તેની સમગ્ર જવાબદારી પાકિસ્તાનના પીએમ ઈમરાન ખાનની રહેશે.

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પુત્રીના અપહરણની ધમકી મળતાં ચકચાર

ન્યુ દિલ્હી,તા.૧૩

દિલ્હીના મુખ્ય પ્રધાન અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલની ૨૩ વર્ષીય પુત્રીનું અપહરણ કરવાનો ઈમેલ મળ્યા બાદ હર્ષિતા કેજરીવાલનાં રક્ષણ માટે એક પર્સનલ સિક્યુરિટી ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે. દિલ્હી મુખ્ય પ્રધાન કાર્યાલયને ગઈ ૯ જાન્યુઆરીએ હર્ષિતાનાં અપહરણનો ધમકીભર્યો

● અનુસંધાન પાના - ૭ પર







